# કૃષિ સંશોધન કેન્દ્ર
# આણંદ કૃષિ યુનિવર્સિટી
# ધંધુકા – ૩૮૨૪૬૦, જી: અમદાવાદ

## કૃષિ સંશોધન કેન્દ્ર, ધંધુકા ખાતે એક દિવસીય ખેડુત તાલીમ તથા FLD ના કીટ વિતરણ કાર્યક્રમ

કૃષિ સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, ધંધુકા કેન્દ્ર ખાતે કાર્યરત સરદાર સરોવર નર્મદા નિગમ લિ. (SSNNL) પ્રોજેક્ટ અંતર્ગત તા. ૧૯ ૧૦ ૨૦૧૬ના રોજ ભાલ વિસ્તારના મુખ્ય રવિ પાકો જેવા કે ચણા, ઘઉં તેમજ જીરુના પાકની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ વિષે એક દિવસીય ખેડુત તાલીમ તથા **FLD** (પ્રથમ હરોળ નિદર્શન)ના બિયારણ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ધંધુકા અને બરવાળા તાલુકાના જુદા જુદા ગામના ૩૦ ખેડુતો આવેલ હતા. કાર્યક્રમની શરુઆતમાં શ્રી કિંજલ જે. સુથાર, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક દ્વારા આવેલ ખેડુત ભાઇઓનું શાબ્દિક સ્વાગત કરી ત્યારબાદ કેન્દ્ર ખાતે કાર્યરત SSNNL પ્રોજેક્ટ વિષે વિસ્તૃત માહિતી આપવામાં આવી. તાલીમ દરમ્યાન શ્રી આર. એન. પવાશીયા, ખેતીવાડી અધિકારી દ્વારા ઘઉં, ચણા અને જીરુના પાકની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ તેમજ નિદર્શનો વિષે વિસ્તૃત માહિતી આપેલ. કાર્યક્રમના અત્રેની કચેરીના વડા શ્રી રામનિવાસ ચૌધરી, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક દ્વારા ઉપસ્થિત રહેલ સર્વે ખેડુત ભાઇઓને આપવામાં આવેલ જુદા જુદા પાકના નિદર્શનોમાં વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ અપનાવવા તથા વધુ ઉત્પાદન મેળવવા માર્ગદર્શન આપી કાર્યક્રમની પૂર્ણાહુતિ જાહેર કરી.




AGRICULTURAL RESEARCH STATION
ANAND AGRICULTURAL UNIVERSITY
DHANDHUKA-382 460


AGRICULTURAL RESEARCH STATION
DHANDHUKA-382 460




AGRICULTURAL RESEARCH STATION